જા. નં. ૧૫ /ગૂ.વિ.મં./કુ.સ.કા./૨૦૨૩-૨૪

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## ગૂજરાત વિદ્યાપીઠ મંડળ : ૧૨.૦૬.૨૦૨૩

ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ ૨૦૨૩-૨૪ની દ્વિતીય બેઠક તા.૧૨.૦૬.૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાજભવન, ગાંધીનગર ખાતે આદરણીય કુલપતિશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેનાં સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧. | આદરણીય કુલપતિશ્રી આચાર્ય દેવવ્રતજી | - અધ્યક્ષશ્રી |
| ૨. | ડૉ. ભરતભાઈ જોશી | - કુલનાયકશ્રી |
| ૩. | શ્રી આયશાબહેન પટેલ | - ટ્રસ્ટીશ્રી |
| ૪. | શ્રી દિલીપભાઈ ઠાકર | - ટ્રસ્ટીશ્રી |
| ૫. | ડૉ. હર્ષદભાઈ એ. પટેલ | - ટ્રસ્ટીશ્રી |
| ૬. | શ્રી ભૂપેંદ્રસિંહ ચૂડાસમા | - ટ્રસ્ટીશ્રી |
| ૭. | શ્રી શ્રીક્રિષ્ના કુલકર્ણી | - ટ્રસ્ટીશ્રી |
| ૮. | શ્રી સુરેશભાઈ રામાનુજ | - ટ્રસ્ટીશ્રી |
| ૯. | શ્રી વિશાલભાઈ ભાદાણી | - ટ્રસ્ટીશ્રી |
| ૧૦. | શ્રી ચંદ્રવદનભાઈ શાહ | - ટ્રસ્ટીશ્રી |
| ૧૧. | ડૉ. જગદીશચંદ્ર સાવલીયા | - ટ્રસ્ટીશ્રી |
| ૧૨. | ડૉ. જગદીશચંદ્ર ગોઠી | - ટ્રસ્ટીશ્રી |
| ૧૩. | ડૉ. અરુણભાઈ ગાંધી | - ટ્રસ્ટીશ્રી |
| ૧૪. | ડૉ. રાજેન્દ્રભાઈ જોશી | - ટ્રસ્ટીશ્રી |
| ૧૫. | ડૉ. નરેશભાઈ ચૌહાણ | - ટ્રસ્ટીશ્રી |
| ૧૬. | ડૉ. પ્રવીણકુમાર શર્મા | - ટ્રસ્ટીશ્રી |
| ૧૭. | શ્રી મેહુલભાઈ પટેલ | - ટ્રસ્ટીશ્રી |
| ૧૮. | ડૉ. નિખિલભાઈ ભટ્ટ | - મંત્રીશ્રી |

ટ્રસ્ટીશ્રી નરસિંહભાઈ હઠીલા, શ્રી હસમુખભાઈ પટેલ, પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, સુશ્રી રાજશ્રી બિરલા અને ડૉ. કનુભાઈ નાયક બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ઈ-મેઈલ/ફોનથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી અને ટ્રસ્ટી મંડળના સભ્ય તરીકે નિયુક્ત થયેલ શ્રી ભૂપેંદ્રસિંહ ચૂડાસમા અને શ્રી શ્રીક્રિષ્ણા કુલકર્ણીનું સ્વાગત કરવામાં આવ્યું.

કાર્ય-૧ : તા.૨૦.૦૪.૨૦૨૩ના રોજ મળેલ બેઠકના અહેવાલને બહાલી આપવા તથા તા.૨૦.૦૪.૨૦૨૩ના રોજ મળેલ મંડળની બેઠકના અહેવાલની અમલવારી નોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-૧: તા.૨૦.૦૪.૨૦૨૩નાં દિવસે થયેલ બેઠક નોંધનાં અહેવાલને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું અને અમલવારી નોંધને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-૨ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યવસ્થાકીય બાબતો માટે સમીક્ષા સમિતિના અહેવાલ અંગે.

ઠરાવ-૨: ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યવસ્થાકીય બાબતો માટે સમીક્ષા સમિતિ દ્વારા રજૂ કરેલ અહેવાલની ચર્ચા કરવામાં આવી અને તા.૨૧.૦૫.૨૦૨૩ની સત્તર(૧૭) ભલામણો (પરિશિષ્ટ-૧) અને તા.૧૨.૦૬.૨૦૨૩ની પંચાવન (૫૫) ભલામણો (પરિશિષ્ટ-૨)ને કાર્યાન્વિત કરવાની યોજના તૈયાર કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૩ : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની તા. ૨૦.૦૪.૨૦૨૩ની બેઠકના ઠરાવ નં. ૩.૨ મુજબ ગૂજરાત વિદ્યાપીઠ મંડળના બંધારણમાં આવશ્યક સંશોધન માટે ચર્ચા બાબત.

ઠરાવ-૩: ગૂજરાત વિદ્યાપીઠ મંડળનાં બંધારણમાં આવશ્યક સંશોધન માટે ચર્ચા કરવામાં આવી અને પરિશિષ્ટ-૩ તથા પરિશિષ્ટ-૪ અનુસાર સંશોધનને મંજૂરી આપવી તેમ ઠરાવવામાં આવ્યું. જે અન્વયે ગૂજરાત વિદ્યાપીઠ મંડળનાં મંત્રી તરીકે ડૉ. હર્ષદભાઈ પટેલ અને કોષાધ્યક્ષ તરીકે શ્રી દિલીપભાઈ ઠાકરની નિમણૂક કરવામાં આવી.

કાર્ય-૪ : University Grants Commission (Institution deemed to be Universities) Regulations, 2023 અંગે.

ઠરાવ-૪ : University Grants Commission (Institution deemed to be Universities) Regulations, 2023 અંગે ચર્ચા કરવામાં આવી અને અનુચ્છેદ ૨૩ અંગે યુ.જી.સી.નું માર્ગદર્શન મેળવવું તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૫ : શ્રી ગૂજરાત વિદ્યાપીઠ આશ્રમશાળા, અંભેટીમાં આશ્રમશાળાના સેવકો માટે નિવાસની જોગવાઈ કરવા તથા આશ્રમશાળા અંભેટીના નિર્માણાધિન મકાન બાંધકામ શરૂ કરવા અંગે.

ઠરાવ-૫ : શ્રી ગૂજરાત વિદ્યાપીઠ આશ્રમશાળા, અંભેટીમાં આશ્રમશાળાના સેવકો માટે નિવાસની જોગવાઈ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. પરિસરનાં વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કરી નવા બાંધકામ કરવા તેમ ઠરાવવામાં આવ્યું.

આશ્રમશાળા અંભેટીના નિર્માણાધિન મકાન બાંધકામ શરૂ કરવા અંગે બાકી કામ માટે ટેન્ડર પ્રક્રિયા કરી આગળની કાર્યવાહી કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૬ : દૃશ્ય-શ્રાવ્ય નિર્માણ કેન્દ્ર, અમદાવાદના સ્ટુડિયોનું સમારકામ તથા સાધન ખરીદી અંગે.

ઠરાવ-૬ : દૃશ્ય-શ્રાવ્ય નિર્માણ કેન્દ્ર, અમદાવાદના સ્ટુડિયોનું સમારકામ તથા સાધન ખરીદી અંગે નાણાંકીય જોગવાઈ નક્કી કરી આવનાર બેઠકમાં વિગતો રજૂ કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૭ : ગ્રામસેવા કેન્દ્ર, બામણગામ કેમ્પસમાં માટી પુરાણ અંગે.

ઠરાવ-૭ : આ કાર્યને આવનાર બેઠકમાં રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

કાર્ય-૮ : અખિલ ભારતીય હિંદી સંસ્થા સંઘમાં હિંદી પ્રચાર સમિતિનું સભ્યપદ હોવાથી પાંચ વર્ષના રૂ. ૨૫,૦૦૦/- ની રકમ સભ્યપદના રૂપે મોકલવા બાબતે અખિલ ભારતીય હિન્દી સંસ્થા સંઘના પત્ર અંગે.

ઠરાવ-૮ : હિંદી પ્રચાર સમિતિનાં સભ્યપદ માટે રૂ.૨૫,૦૦૦/-ની રકમ અખિલ ભારતીય હિંદી સંસ્થા સંઘને મોકલવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૯ : ગ્રામસેવા કેન્દ્ર, બોચાસણનાં કામ માટે આઈટુવી ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને રૂ. ૨૫,૦૦૦/ અને બાકી કામને પૂરા કરવા રૂ. ૫૦,૦૦૦/- આપવા અંગેના પત્ર બાબતે.

ઠરાવ-૯ : ગ્રામસેવા કેન્દ્ર, બોચાસણનાં કામ માટે આઈટુવી ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને રૂ.૨૫,૦૦૦/ અને બાકી કામને પૂર્ણ કરાવવા માટે રૂ. ૫૦,૦૦૦/- ફાળવવા તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૦ : ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શાળાઓના જાહેર થયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાનાં પરિણામો અંગે.

ઠરાવ-૧૦ : ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શાળાઓના જાહેર થયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાનાં પરિણામોની નોંધ લેવામાં આવી.

કાર્ય-૧૧ : ગ્રામસેવા કેન્દ્રોની ગૌશાળાઓના અહેવાલ અંગે.

ઠરાવ-૧૧: ગ્રામસેવા કેન્દ્રોની ગૌશાળાઓના અહેવાલ ધ્યાનમાં લેવામાં આવ્યા.

કાર્ય-૧૨ : રાજ્ય પ્રૌઢશિક્ષણ સંસાધન કેન્દ્ર (SRC)ના નિવૃત્ત સેવકોને બાકી રકમ ચૂકવવા અંગે નિર્ણય બાબત.

ઠરાવ-૧૨: રાજ્ય પ્રૌઢશિક્ષણ સંસાધન કેન્દ્ર (SRC)ના નિવૃત્ત સેવકોને બાકી રકમ ચૂકવવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૩ : નીચે દર્શાવેલ પરિપત્રિત ઠરાવોને બહાલી આપવા અંગે.

(૧૩.૧) આદિજાતિ વિકાસ, વિનય કુમાર તથા કન્યા છાત્રાલય, અંભેટીમાં મુખ્ય ચોકીદારની ખાલી જગ્યા ભરવા માટે સરકારશ્રીના ધારાધોરણ મુજબ કાર્યવાહી કરવા અંગે તા.૨૬.૦૪.૨૦૨૩ના રોજ કરેલ પરિપત્રિત ઠરાવને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૧૩.૨) વિનય મંદિર (ધોરણ-૯, ૧૦, ૧૧, ૧૨) વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં આચાર્યની ભરતી કરવા માટેની પસંદગી સમિતિમાં તાલુકા બહારના કેળવણીકારની નિમણૂક કરવા અંગે તા.૩૧.૦૫.૨૦૨૩ના રોજ કરેલ પરિપત્રિત ઠરાવને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૧૩.3) વિનય મંદિર (ધોરણ-૯, ૧૦, ૧૧, ૧૨) વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં આચાર્યની ભરતી કરવા માટેની પસંદગી સમિતિમાં મંડળના બે સભ્યોની નિમણૂક કરવા અંગે તા.૩૧.૦૫.૨૦૨૩ના રોજ કરેલ પરિપત્રિત ઠરાવને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૧૩.૪) અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, દેથલીમાં તા. ૦૧-૦૬-૨૦૧૮થી વિદ્યાસહાયક તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી દિનેશભાઈ ઇશ્વરભાઈ મકવાણાને તા.૩૧.૦૫.૨૦૨૩ના રોજ પાંચ વર્ષ પૂરાં થતા હોઈ તેમને મળવાપાત્ર પગારધોરણમાં મૂકવા અંગે તા. ૦૧.૦૬.૨૦૨૩ના રોજ કરેલ પરિપત્રિત ઠરાવને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૧૩.૫) અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, દેથલીમાં તા.૦૧.૦૬.૨૦૧૮થી વિદ્યાસહાયક તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી મનસુખભાઈ રામજીભાઈ મકવાણાને તા.૩૧.૦૫.૨૦૨૩ના રોજ પાંચ વર્ષ પૂરાં થતા હોઈ તેમને મળવાપાત્ર પગારધોરણમાં મૂકવા અંગે તા.૦૧.૦૬.૨૦૨૩ના રોજ કરેલ પરિપત્રિત ઠરાવને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ-૧૩ : ઉપરોકત પરિપત્રિત ઠરાવોને ધ્યાનમાં લેવામાં આવ્યા અને તેને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(ડૉ. નિખિલ ભટ્ટ)

મંત્રી

ગૂજરાત વિદ્યાપીઠ, મંડળ

તા.૧૩.૦૬.૨૦૨૩